# સફળ આચાર્યના લક્ષણો

આચાર્ય એટલે સંસ્થાનો માત્ર વડો જ નહીં, પણ સંસ્થાની ધરોહર પણ કહેવાય. આચાર્ય એટલે જે તે સંસ્થાની ફિલોસોફી. આચાર્ય બદલાય એટલે સંસ્થાના વિચારો બદલાય, સંસ્થાની વર્તન તરાહ બદલાય. સંસ્થાની પ્રગતિ કે અધોગતિ માટે મુખ્ય જવાબદાર વ્યક્તિ હોય તો તે સંસ્થાનો વડો એટલે કે આચાર્ય જ છે. આચાર્યના નેતઉંત્વ નીચે જ સંસ્થા ફૂલે છે , પાંગરે છે. સૈન્ય ગમે તેટલું મોટું હોય પણ જો તેનો સેનાપતિ યોગ્ય ન હોય તો તે સૈન્ય ક્યારેય વિજય પ્રાપ્ત કરી શકે નહીં. આચાર્ય વગરની સંસ્થા એટલે એન્જિન વગરના ડબ્બા વાળી ટ્રેન. એન્જિ જ જો ખોટવાયેલું હોય તો રંગેરૂપે સુંદર ડબ શું કામના ? તે ડબા ત્યાંને ત્યાં જ પડી રહેવાના છે. આમ આચાર્યનું સ્થાન કોઈપણ સંસ્થા માટે અતિઅતિ મહત્ત્વનું છે. ત્યારે સફળ આચાર્ય શું કરતા હોય છે કે તેમનામાં કેવા લક્ષણો હોય છે તેની થોડી આછી ઝલક મેળવીએ. સારા સફળ આચાર્ય નીચે પ્રમાણેના વર્તનો કરે છે.

શિક્ષકની સામે પારદર્શક બનીને તેમને વિશ્વાસમાં લે છે. - તેમના કોઈપણ નીતિ વિષયક નિર્ણયની ચર્ચા શિક્ષકો સાથે કર છે. એટલું જ નહીં તે નિર્ણય કેમ લેવો પડયો તેની પણ ચર્ચા કરે છે. - જે શિક્ષકને કોઈ સૂચના કે સલાહ આપવાની હોય તો જે તે શિક્ષકને સીધી જ સૂચના આપે છે. શિક્ષકની ગેરહાજરીમાં તે કહેવાનો અર્થ નથી તેવું તે જાણે છે. -શિક્ષકનું પૂરું સન્માન જાળવીને તેમને સલાહ-સૂચન આપે છે. - અન્ય વ્યકિંતઓની હાજરીમાં ક્યારેય કોઈ શિક્ષક કે વિદ્યાર્થીને ઉતારી પાડતા નથી. શિક્ષક ક્ષોભમાં મૂકાય તેવું વર્તન કરતા નથી. - શિક્ષકને જે પણ ટકોર કરવાની હોય કે તેમની ભૂલો માટે ઠપકો આપવાનો હોય તો તે કામ એકાંતમાં કરે છે. બધાની વચ્ચે જાહેરમાં નહીં. - શિક્ષકની ભૂલો બતાવવા માટે કે સુધારવા માટે ક્યારેય ઉંચા અવાજે વાત કરતા નથી. શિક્ષકની પ્રતિષ્ઠા કે માન ભંગ થાય તેવું બોલતા નથી કે વર્તન કરતા નથી. - શિક્ષકના વખાણ કરવા માટે ઉદાર હોય છે, અને આલોચના પણ સભાન બનીને કરે છે. -જે શિક્ષક/શિક્ષકોને કારણે કોઈ સારું કામ થયું હોય તો તેનો યશ તાત્કાલિક શિક્ષકને આપે છે. સમય વિત્યા પછીના વખાણ કે આપેલા યશની કિંમત ઘટી જાય છે તેવું તે સમજે છે.આમ શિક્ષકને યોગ્ય સમયે પ્રસંશા કરવાની તક જવા દેતા નથી. આમ કરવાથી શિક્ષકો પોતાની ફરજ વધારે નિષ્ઠાપૂર્વક, દિલથી ખંતપૂર્વક કરે છે. - કડવું સત્ય પણ શિક્ષકોને કહે છે, પણ યોગ્ય શબ્દો અને યોર રીતે. તેઓ હંમેશાં સત્યનો જ આશારો લે છે. - પક્ષપાતથી દૂર રહે છે. સત્યને વળગી રહ છે. ન્યાયપૂર્વક વર્તે છે અને અન્યાય સામે ઝૂકતા નથી. - શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સરળતાથી ઉપલબ્ધ રહે છે. જરૂર પડે મદદ આપવા હંમેશાં તૈયાર રહે છે. પ્રાર્થના કે જાહેર કાર્યક્રમમાં અવશ્ય પણે હાજર રહે છે. - વર્ગખંડ અને સ્ટાફરૂમની અવારનાવાર થોડી મિનિટ માટે પણ મુલાકાત લેતા રહે છે. - શિસ્તના આગ્રહી હોય છે. શિસ્તની શરૂઆત પોતાનાથી કરે છે. - સંસ્થાની નીતિ-રીતિ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામે સ્પષ્ટ પણે મૂકે છે, ાને તેને વળગી રહે છે. જરૂર જણાય તો તેમાં ફેરફાર પણ કરે છે, આમ કરવા માટેના ચોક્કસ કારણો પણ રજૂ કરે છે. - શિક્ષક વિરુદ્ધની કોઈપણ ફરિયાદ બાદ નિર્ણય લેતા પહેલાં જે તે શિક્ષકને સાંભળે છે, અને ત્યારબાદ તટસ્થ રહીને નિર્ણય લે છે.

શિક્ષકો સાથે મિત્રતાભર્યું વર્તન કરે છે અને બને તેટલો તેમને સહકાર આપે છે. - શિક્ષકો તરફથી આવતા સૂચનો માટે હકારાત્મક રહે છે અને જો તેનાથી અસંમત હોય તો કારણ સાથે જણાવીને સ્પષ્ટ ના પાડે છે. - તે પોતે ખુલ્લાદિલના અને પ્રામાણિક રહે છે, જેથી તેમને ક્યારેય કોઈની

પાસેથી કામ લેવા માટે ડરાવવાની કે ધમકાવવાની જરૂર પડતી નથી. - સંસ્થામાં સમયસર આવે છે અને પૂરો સમય રોકાય છે. - પોતાનું અંગત કામ ક્યારેય પટાવાળાને કે શિક્ષકને બતાવતા નથી. - સંસ્થા બહાર જતી વખતે પોતાનું વાહન સંસ્થામાં રાખીને સ્ટાફના વાહનમાં ક્યારેય જતા નથી, શક્ય હોય તો પોતાના વાહનમાં શિક્ષકોને બેસાડે છે. - કોઇ શિક્ષકના ઘેર સામાજિક પ્રસંગે અવશ્ય હાજરી આપે છે. ઉપરાંત કોઇ શિક્ષક બિમાર હોય તો તેના ખબર અંતર પૂછવા તેમના ઘેર જાય છે અને લાંબી બિમારી હોય તો અવાર નવાર ટેલિફોનથી પણ ખબર અંતર પૂછે છે. - પોતાને લેવાના થતા પિરિયડ સમય બદલ્યા સિવાય અવશ્યપણે લે છે. - સંસ્થામાં ચાલતી દરેકે દરેક પ્રવૃત્તિનો ખ્યાલ તેમને હોય છે. - શાળામાં આવતા વાલીને પૂરા સન્માન સાથે બોલાવે છે અને પ્રેમથી વાત કરે છે. કરવા જેવા સૂચન પણ હકારાત્મક રીતે કરે છે. - ક્યારેય કોઇ વિદ્યાર્થી કે વાલીનું સન્માનભંગ થાય તેવું વર્તન કરતા નથી. - કોઇ શિક્ષક કે વિદ્યાર્થીની રજૂઆત પૂરેપૂરી સાંભળે છે, તેમને અધવચ્ચે અટકાવીને પોતાનો નિર્ણય જણાવતા નથી. - અવાર નવાર સ્ટાફ મિટીંગ કરે છે અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની સમસ્યા દૂર કરે છે, તેમજ સંસ્થાના વિકાસ માટેના સૂચનો મેળવે છે. - અન્ય સારી સંસ્થાઓની મુલાકત અવારનવાર લે છે..

યોગ્ય સેમિનાર, ચર્ચાસભાઓ, વ્યાખ્યાનોમાં અવારનવાર જોડાય છે. - સારા પુસ્તકો, સામાયિકો પોતાની ઓફિસમાં રાખે છે, સમય મળે તેનું વાંચન કરે છે અને ચોક્કસ લેખ ચોક્કસ શિક્ષકોને વાંચન માટે જણાવે છે. - પોતાના પહેરવેશનું ચોક્કસ ધ્યાન રાખે છે. - પોતાની કોઇપણ બાબતની ગરીબીને શિક્ષકો કે વિદ્યાર્થીઓ સામે વ્યક્ત ન કરતા નથી. - સંસ્થાની નબળાઇ માટે પોતાની જાતને જ સૌ પહેલા જવાબદાર ગણે છે, પછી બીજાને. - વિદ્યાર્થીઓ કે શિક્ષકો સામે ગંભીર મુદ્રામાં આવતા નથી,. હસતો ચહેરો રાખીને જ વર્તે છે. જે તેમના વ્યક્તિત્ત્વને વધુ ઊંચે લાવે છે. - સંસ્થામાં કે સમાજમાં કોઇપણ કાવાદાવામાં પડતા નથી. કોઇપણ કામ કરવા માટે અયોગ્ય રસ્તાઓ અપનાવતા નથી. - સંસ્થામાં સમૂહ નાસ્તો કે જમણવાર હોય તો સ્ટાફની સાથે અને તેમની વચ્ચે જ રહીને નાસ્તો કે જમણ લે છે. પોતાની ઓફિસમાં મંગાવીને ક્યારેય ખાતા નથી. - શિક્ષકોના વિકાસ માટે તેમને પ્રોત્સાહન આપે છે અને સગવડતા ઊભી કરી આપે છે. - નવા જોડાતા શિક્ષકો માટે આદર્શ બને છે, પ્રોત્સાહન આપે છે, મદદ માટે સતત હાજર રહે છે અને તેમના કામના અવારનવાર વખાણ કરે છે. - સંસ્થાના વિકાસ માટે મેનેજમેન્ટનો સહકાર સતત મેળવે છે અને જરૂર જણાય તો મેનેજમેન્ટની નબળાઇનું ધ્યાન વિનયપૂર્વક દોરે પણ છે. - સમયસર નિર્ણય લે છે, મોડો લેવાયેલ નિર્ણય ક્યારેક નિર્ણાયક બનતો નથી તેવું તે માને છે. .કેટલાક નિર્ણય નકકી કરવામાં શક્ય હોય તો શિક્ષકો-વિદ્યાર્થીઓને સામેલ કરે છે. - આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની આવડત વિકસાવે છે અને તેનો ઉપયોગ પણ કરે છે. જેમકે કમ્પ્યૂટર, મોબાઇલ, વિડિયો કેમેરા કે અન્ય શૈક્ષણિક સાધનો. - સંસ્થાને, શિક્ષકોને આધુનિક પ્રવાહોથી સતત વાકેફ રાખે છે, ઉપરાંત સંસ્થામાં નવીનીકરણ કરતા રહીને સંસ્થાને સતત તાજી રાખે છે.